દાખલ તારીખ : ૧૨/૦૩/૨૦૨૧
રજી.કર્યા તારીખ : ૧૨/૦૩/૨૦૨૧
નિકાલ તારીખ : ૨૫/૦૫/૨૦૨૬
**સમય : વર્ષ –માસ–દિવસ**

सत्यमेव जयते

---

## ગઢડાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં મું.ગઢડા જી.બોટાદ

---

**રેગ્યુલર દિવાની મુકદમાં નં.૪૫/૨૦૨૧**
**આંક: ૮૨**

**વાદી : –** ગીતાબેન D/O લાભશંકર તેરૈયા તે
W/O ધીરજલાલ પોપટભાઈ વેગડા
ઉ.વ.આ.૬૧, ધંધો.ઘરકામ
રહે.રાધેક્રિષ્ના સોસાયટી શેરી નં.૧૩,
બ્રમ્હાણી હોલવાળી શેરી,કોઠારીયા પુલની બાજુમાં,રાજકોટ

**– :: વિરૂધ્ધ :: –**

**પ્રતિવાદી :–** (૧) ગુજ.કેશવલાલ લાભશંકરભાઈ તેરૈયાના વારસો.
(૧) અલ્પેશભાઈ કેશવલાલ તેરૈયા
હિન્દુ.પુખ્ત,ધંધો.વેપાર
(૨) રાજેશભઈ કેશવલાલ તેરૈયા
હિન્દુ.પુખ્ત,ધંધો.વેપાર
બંન્ને રહે.વ્રજવિહાર સોસાયટી,
બોટાદ રોડ,મું.ગઢડા જી.બોટાદ

(૨) ગુજ.રસીકભાઈ લાભશંકરભાઈ તેરૈયાના વારસો
(૧) ચેતનભાઈ રસીકલાલ તેરૈયા
હિન્દુ,ઉ.વ.૩૨ ,ધંધો.વેપાર
(૨) હાર્દીકભાઈ રસીકલાલ તેરૈયા
હિન્દુ,ઉ.વ.૩૦ ,ધંધો.વેપાર

બંન્ને રહે.લક્ષ્મીનારાયણ પાર્ક–૧,

શેરી નં.૨ ગુરૂકુળની સામે,ગઢડા રોડ,બોટાદ

(૩) મનસુખલાલ લાભશંકરભાઈ તૈરૈયા

હિન્દુ,ઉ.વ.૬૦ ,ધંધો.વેપાર

રહે.મઘરપાટ,રાવળશેરી,મું ગઢડા,જી.બોટાદ

**પ્રતિનિધિત્વ :–**

વાદી તરફે :– વિ.વકિલશ્રી. વી.કે.સોઢાતર

પ્રતિવાદી તરફે :– વિ.વકિલશ્રી.પી.એચ.સાઉ

---

**વિષય :– વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા....**

---

**– :: ચુ કા દો ::–**

**વાદીના દાવાની હકીકત:**

(૧) આ કામના વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી ગુજ. લાભશંકર ભાઈશંકર ઉર્ફે ભયાભાઈ તૈરૈયા ના પુત્રી વારસદાર છે વાદીના ગુજરનાર પીતાની **સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકી ની ખેતીની જમીન** ગઢડા તાલુકાના ગઢડા ગામે રે.સર્વે નં.૪૭ પૈકી ૨ ની એકર –૨ અને ૦૯ ગુઠા આવેલ હતી જે જમીન વાદીના પીતાએ તા.૭/૬/૧૯૭૯ ના રોજ બીન ખેતી કરાવેલ અને સદર જમીન મા પ્લોટ નં.૧ થી ૧૪ પાડેલા જે પૈકી પ્લોટ નં.૨ થી ૭ નુ વેચાણ વાદીના પીતા ગુજ. લાભશંકરભાઈ ધ્વારા તેમની હયાતીમા કરેલ હતુ બાદ મા આ કામના પ્રતીવાદી નં.૧ થી ૩ નાઓએ વાદીના પીતા કે જેઓની ઉમર ૮૦ વર્ષ ની હતી તેઓની નાદુરસ્ત તબીયતનો ગેરલાભ લઈ યાદશકિત પણ કમજોર થઈ ગયેલ હોય તેવી હાલતમા સબરજીસ્ટ્રાર કચેરી ગઢડા ખાતે અનુ. નં. ૭૯ ૪, તા.૨૪/૭/૨૦૦૬ ના રોજ વીલ યાને વસીયતનામુ કરાવી લીધેલ છે જેની જાણ વાદીને ન હતી આ કામના પ્રતીવાદીઓએ વાદીના પીતાએ વેચાણ કરેલ પ્લોટ સીવાયની પ્લોટ નં.૧ ની જમીન દીલીપભાઈ સામંતભાઈ ખાચર ને વેચાણ દસ્તાવેજ નં.પ૩૦,તા. ૨૫/૬/૨૦૧૩ તથા રાણીંગભાઈ બીચ્છુભાઈ વાળા અનુ નં.૧૨૧૭, તા.૨૪/૧૧/૨૦૧૫ ના રોજ વેચાણ દસ્તાવેજ થી વાદીનો હકક ડુબાડી વેચાણ કરી નાખેલ છે તેમજ આ કામના પ્રતીવાદીઓએ વાદીના પીતાના કહેવાતા વીલ ની ખરાઈ કર્યા સીવાય કે વીલના આધારે કોર્ટ માથી પ્રોબેટ સર્ટીફીકેટ મેળવ્યા સીવાય કે, કહેવાતા વીલના આધારે પ્રતીવાદીઓને માલકી ઠેરવ્યા સીવાય પ્લોટ નં.૧ પૈકીની જમીન નુ ગેરકાયદેસર વેચાણ કરેલ છે તેમજ સીટીસર્વે કચેરી સાથે મીલાપીપણુ કરી કલમ–૧૩૫ મુજબની નોટીસ ખોટી

રીતે વાદીનુ સરનામુ પ્રતીવાદી નં.૩ ના ઘર નુ બતાવી રેવેન્યુ રેકર્ડમાં એન્ટ્રી પડાવી દીધેલ છે.વધુમા પ્રતીવાદી નં.૩ નાએ દાવા વાળી જમીનના પ્લોટ નં.૧ તથા ૮ થી ૧૩ માથી વાદીનુ નામ કમી કરાવી દીધેલ છે.વાદીએ આ કામના પ્રતીવાદીએ કરેલ ગેરકાયદેસર કાર્યવાહી અંગે ના દસ્તાવેજોની ખરી નકલ તા.૫/૩/૨૧ ના રોજ મેળવતા જાણ થયેલ છે જેથી હાલનો દાવો કરેલ છે અને દાવા અરજી મા દાવા વાળી જમીનના પ્લોટ નં.૧ તથા ૮ થી ૧૩ ની જમીન આ કામના પ્રતીવાદીઓ કે તેઓના મુખત્યાર એજન્ટ કે તેના કુટુંબના સભ્યો કોઈને વેચાણ ગીરો બક્ષીશ કે અન્ય રીતે ટ્રાન્સફર કે હસ્તાંતર કરવાનો કે જમીનનો કબજો કોઈને સોપવા ભાડે આપવા કાયદેસર પ્રોબેટ મેળવ્યા સીવયા કે વાદીની સમંતી વીના કોઈ કાર્યવાહી કરવા તેઓને હકક કે અધીકાર નથી તેવુ વિજ્ઞાપન કરી આપવા તેમજ આ બાબતે કાયમી મનાઈ હુકમ વાદીની તરફેણમા ફરમાવવાની દાદ માંગેલ છે.

**પ્રતિવાદીનો જવાબ/બચાવ:**

(૨) આ કામના પ્રતિવાદીઓને સમન્સની બજવણી થતા પ્રતીવાદીઓ તરફે વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૨ થી દાવાનો લેખીત જવાબ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીએ તેઓની દાવા અરજી મા ખોટી હકીકતો જણાવેલ છે. વાદીના દાવાને એસ્ટોપલ અને રેસ જયુડીકેટા નો બાદ નડે છે કારણ કે, આ મીલકત અંગે અગાઉ અદાલત દ્વારા નીર્ણય કરી પ્રોબેટનો હુકમ કરી આપેલ છે જેથી વાદીનો દાવો રદ થવા પાત્ર થાય છે.વાદી દ્વારા સને.૨૦૧૩ તથા સને.૨૦૧૫ મા થયેલ દસ્તાવેજ અંગે તકરાર ઉઠાવેલ છે તેમ છતા યોગ્ય કોર્ટ ફી રજુ કરેલ નથી.વાદીએ આ કામના પ્રતીવાદી ગુજ.લાભશંકરભાઈના કાયદેસરના વારસદારો છે તે હકીકત છુપાવેલ છે.વાદીએ ગુજ.લાભશંકરભાઈ પાસેથી ગે.કા રીતે વીલ કરાવી લીધેલ હોવાની ખોટી હકીકત જણાવે છે,ખરી હકીકતે લાભશંકર ભાઈ સને.૨૦૦૬ માં તંદુરસ્ત હતા અને યાદશકિત ધરાવતા હતા અને તેઓ પ્રતીવાદી ઓ સાથે રહેતા હતા અને તેઓની સેવા ચાકરીથી પ્રવાભીત થઈ વીલ કરી આપેલ હતુ.આ વીલના આધારે પ્રતી વાદીઓ દ્વારા સીવીલ કોર્ટ ગઢડા ખાતે ઈન્ડીયા સકશેશન એકટ ની કલમ મુજબ દીવાની પરચુરણ અરજી નં.૪/૨૦૦૮ થી વીલનું પ્રોબેટ મેળવવા માટે અરજી કરેલ જે અરજીના આધારે તા.૯/૧૨/૨૦૦૯ ના રોજ પ્રતીવાદીના નામનુ પ્રોબેટ કાઢી આપવાનો હુકમ થયેલ છે તેમજ નામ.હાઈકોર્ટ તથા સુપ્રીમકોર્ટ ના સાઈટેશન મુજબ રજીસ્ટર વીલના આધારે પ્રોબેટની જરુર નથી તેવુ જી.એલ.આર ૨૦૦૭(૧)પેજ નં.૨૯૧ મીનાક્ષીબેન શશીકાંત પટેલ વી.ગાધીનગરના આધારે ગામ નમુના તથા રેવન્યું રેકર્ડમાં આ કામના પ્રતીવાદીઓના નામે વીલના આધારે મીલકત આવેલ છે જેના આધારે રજી.વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.ગઢડા કોર્ટમાં પ્રતિવાદીઓની તરફેણમાં કરી આપેલ વીલને ગઢડા કોર્ટમાં પ્રુવ કરેલ છે જેનો ઓર્ડર થયેલ છે અદાલતે તમામ પ્રોસીઝર પુર્ણ કરીને કરેલ

છે,બાદમાં આ વીલના આધારે રેવન્યું રેકર્ડ તથા સીટી સવે કચેરીમાં નોધ કરવામાં આવેલ છે,જેથી પ્રતિવાદીને આવી વફલના આધારે મળેલ મિકલતનું વેચાણ,ગીરો,બક્ષીસ કે હસ્તાંતર કરી આપવાનો હકક અધિકાર રહેલ છે,વાદીએ ખુબજ લાબા સમય બાદમાં હાલનો દાવો કરેલ છે જેથી સમયમર્યાદાના કાયદાનો બાધ નડે છે,તેમ છતા ખોટી હકીકતો રજુ કરીને મિલકતમાં નવા હકકો ઉભા કરવા હાલનો ખોટો દાવો કરેલ હોય દાવો ખર્ચસહીત રદ કરવા અરજ કરેલ છે.

**વાદી તરફે કાઉન્ટર એફીડેવીટ:**

(૩) આ કામના પ્રતિવાદીના જવાબની સામે વાદી તરફે આંક-૧૭ થી કાઉન્ટર એફીડેવીટ રજુ રાખેલ છે જેમાં તેઓ પ્રતિવાદીએ જણાવેલ તેઓના જવાબની હકીકતો ખોટી હોવાનું તેમજ વાદીની જાણ બહાર પ્રોબેટ મેળવેલ હોવાની,રજી.વીલના આધારે પ્રોબેટની જરૂર ના હોવાના ચુકાદાની તથા હાલના કેસની હકીકત અલગ હોય હાલના કેસમાં લાગું પડતું ના હોવાની,પ્રોબટની અરજીમાં તેઓ પક્ષકાર ના હોય તેઓએ તેને ચેલેન્જ ના કરેલ હોવાની ખુલાસો કરતી હકીકતો જાહેર કરેલ છે.

**વાદીની આંક-૫ ની વચગાળાની મનાઈની અરજી લગત હુકમ:**

(૪) આ કામે વાદી તરફે દાખલ કરેલ આંક-૫ ની વચગાળાની મનાઈ હુકમ મેળવવાની અરજી અદાલત દવારા નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫) **પ્રતિવાદીની આંક-૧૮ ની સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ.૧૧ વચગાળાની મનાઈની અરજી લગત હુકમ:** આ કામના પ્રતિવાદી તરફે આંક-૧૮ થી સી.પી.સી.ઓર્ડર.૭ રૂલ.૧૧ મુજબની વાદીની દાવાઅરજી રદ કરવાની અરજી આપેલ હતી જે અરજી પણ અદાલત દવારા નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**પક્ષનિવેદનના આધારે ઘડવામાં આવેલ મુદ્દા :**

(૬) આ કામના વાદીની દાવા અરજી,પ્રતિવાદીના જવાબ તથા દસ્તાવેજોને આધારે આંક-૪૬ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

**-:: મુ દ્દા ::-**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વીલમાં દર્શાવેલ મિલકત વડીલોપાર્જીત મિલકત છે ?

(૨) ~~શું વાદી પુરવાર કરે છે કે,વીલમાં જણાવેલ મિલકતનો વહીવટ કરવાની ગુજ.લાભશંકર તેરૈયાને કોઈ હકક અધિકાર નથી.~~ ? મુદો રદ કરેલ છે.

(૩) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે,ગુજ.લાભશંકર તેરૈયાએ જે વીલ કરેલ તે વીલ ઉપર પ્રોબેટ મેળવી લીધેલ છે.?

(૪) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે,વાદીના દાવાને કોઝ ઓફ એકશનનો બાધ નડે છે.?

(પ) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ અને હુકમનામુ ?

**વાદી તરફે રજુ થયેલ પુરાવો :**

(૭) આ કામના વાદી તરફે ઉપરોકત મુદ્દા અનુંસંધાને પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું નં..** | **મૌખીક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | વાદી ગીતાબેન લાભશંકર તેરૈયાની સોગંદનામાં–પરની જુબાની.. | ૫૦ |

બાદ આ કામના વાદી પોતાનો વધુ પુરાવો રજુ કરવા ના માંગતા હોવાનું પુરસીસ આંક–૫૮ થી રજુ કરેલ છે.

**પ્રતિવાદી તરફે રજુ થયેલ પુરાવો :**

(૮) આ કામના પ્રતિવાદી તરફે ઉપરોકત મુદ્દા અનુંસંધાને પોતાનો બચાવ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું નં..** | **મૌખીક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | પ્રતિવાદીનં.૧.૧ અલ્પેશભાઈ કેશવલાલ તેરૈયાની સોગંદનામાં–પરની જુબાની.. | ૬૧ |
| (૨) | સાહેદ હિતેશકુમાર દેવકુભાઈ ખાચરની સોગંદનામાં પરની – જુબાની.. | ૭૯ |

| **અનું નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ખેડુત ખાતાવહી અસલ. | ૬૭ |
| (૨) | સીટી સવે પ્રોપટી કાર્ડની ખરી નકલ. | ૬૮ થી ૭૪ |
| (૩) | મરણનું પ્રમાણપત્ર. | ૭૫ |
| (૪) | વીલની ખરી નકલ. | ૭૬ |
| (૫) | પર.દિવાની અરજીનં.નં.૪/૨૦૦૮ ના હુકમની નકલ. | ૭૭ |

બાદ આ કામના પ્રતિવાદી પોતાનો વધુ પુરાવો રજુ કરવા ના માંગતા હોવાનું પુરસીસ આંક–૮૧ થી રજુ કરેલ છે.

**વાદી તરફેની દલીલ:**

(૯) આ કામના વાદી તરફે તેઓના વિ.વકીલશ્રી દવારા મૌખીક દલીલ કરવામાં આવેલ છે કે,આ કામના વાદી તથા પ્રતિવાદીના પીતાના નામે જમીન આવેલ હતી જે જમીન તેઓના પીતા દવારા બિનખેતી કરાવીને તેમાં પ્લોટ પાડેલ હતા જે પૈકી પ્લોટ નં.ર થી ૭ નું તેઓના પીતા દવારા હયાતીમાં વેચાણ કરેલ હતું બાદમાં તેઓના પીતાનું અવસાન થયેલ હતું,અને હાલનો દાવો પ્લોટ નં.૧ તથા ૮ થી ૧૩ અંગેનો કરેલ છે,આ કામના પ્રતિવાદીઓ દવારા ગેરકાયદેસ રીતે તેઓના પીતા પાસેથી વિલ કરાવી લીધેલ હતું તેના આધારે તેઓ દવારા બાકીના પ્લોટનું વેચાણ કરી નાખેલ છે તેમજ આવી રીતે વિલના આધારે કોઈ પ્રોબેલ પ્રમાણપત્ર મેળવ્યા વગર તેઓ દવારા વેચાણ કરવામાં આવેલ છે તેમજ વારસાઈની નોધમાં પણ વાદીનું સરનામું ખોટું દર્શાવીને નામ કરી કરાવી નાખેલ છે,આ કામના પ્રતિવાદી દવારા પ્રોબેટ અરજીના કામે પણ વાદીને પક્ષકાર તરીકે જોડેલ નથી કે તેઓની સમંતી મેળવેલ નથી આ રીતે ગેરકાયદેસર રીતે પ્રોબેટની અરજી કરેલ છે જેમાં પણ હુકમ મુજબ તેઓ દવારા કોર્ટ ફી ભરીને પ્રોબેટ પ્રમાણપત્ર મેળવેલ નથી જેથી આવી ગેરકાયદેસર કાર્યવાહી કરીને વાદીનો હકક અધિકાર છીનવી લીધેલ છે તેમજ વાદીને પ્રતિવાદીની આવી કાર્યવાહીની જાણ નકલ કઢાવતા થયેલ હોય હાલનો દાવો કરેલ છે,અને આ કામના વાદી તરફે તેઓનો કેસ પુરવાર કરી શકેલ હોય માંગ્યા મુજબની દાદ મંજુર કરવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**પ્રતિવાદી તરફેની દલીલ:**

(૧૦)આ કામના પ્રતિવાદી તરફે તેઓના વિ.વકીલશ્રી દવારા મૌખીક દલીલ કરેલ છે કે,આ કામના વાદી તરફે દાવામાં ઓછી કોર્ટ ફી ભરેલ છે તેમજ તેઓ દવારા પ્રતિવાદીના કાયદેસરના વારસદારોને પક્ષકાર તરીકે જોડેલ નથી જેથી વાદીનો દાવો રદ થવાપાત્ર છે,આ કામના વાદી તરફે દાવાવાળી જમીનોમા તેઓનો હકક અધિકાર હોવાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી તેમજ આ મિલકતો વડીલોપાર્જીત હોવાનો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી,વાદી દવારા હાલનો દાવો વીલ થયાના ૧૫ વર્ષ બાદ કરેલ છે જેથી ચાલવાપાત્ર થતો નથી વાદી તરફે દાવામાં દાવો કરવાનું કારણ ખોટું જણાવેલ છે,વાદી દવારા રેવન્યું એન્ટ્રીને નાયબ કલેકટરશ્રી સમક્ષ ચેલેન્જ કરેલ છે જેમાં તેઓની અરજી નામંજુર થયેલ છે જેની સામે આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી.વધુમાં દાવાવાળી મિલકતો આ કામના પ્રતિવાદીના નામે ચાલી આવેલ છે જેના દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ છે,આ કામના વાદી દવારા વીલનું પ્રોબેટ નહી મેળવેલ હોવાની તકરાર લીધેલ છે પરંતું આ કામે પ્રતિવાદી તરફે પ્રોબેટ અંગેનો હુકમ મેળવેલ છે જે હુકમની ખરી નકલ રજુ કરેલ છે,વધુમાં વિલ અંગેનું પ્રોબેટ મેળવવાની જરૂરીયાત ગુજરાત માં નથી તેમજ સકશેસન એકટ ની કલમ-૫૭ મુજબ જયારે મિલકત મદ્રાસ,બોમ્બે તથા

કલકતામાં આવેલ હોય ત્યારેજ તેના પ્રોબેટ મેળવવાની આવશ્યકતા રહે છે ગુજરાતમાં તો માત્ર વિલના આધારે માલીકી પ્રસ્થાપીત કરી શકાય છે,વધુંમા આ કામના વાદી દવારા વિલને ચેલેન્જ કરેલ નથી તેમજ વાદી દવારા તેઓની દાવાઅરજી તથા ઉલટતપાસમાં દાવાવાળી મિલતનો ગુજ.ના સ્વતંત્ર માલીકી ભોગવટાની હોવાનો સ્વીકાર કરેલ છે તેવા સંજોગોમાં આ મિલકત વડીલોપાર્જીત હોવાનું પુરવાર થતુ નથી,વધુમાં ગુજરાત રાજયની હદમાં મિલકત આવેલ હોય તો પ્રોબેટની જરૂરીયાત ના હોવાની દલીલના સમર્થનમાં તેઓ તરફે નામ.ગુજરાત હાઈકોર્ટની MINAXIBEN SHASHIKANTBHAI PATEL VS.DISTRICT COLLECTOR GANDHINAGR 2006(0) AIJEL-HC-217150 ના ચુકાદાની નકલ રજુ રાખેલ છે.આમ વાદી તેઓના દાવાની હકીકતો તથા મુદાની હકીકતો પુરવાર કરી શકેલ ના હોય વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

**મુદાના નિર્ણયો :**

(૧૧)ઉપરોકત મુધ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

(૧) નકારમાં.

(૨) રદ કરેલ છે.

(૩) નકારમાં.

(૪) નકારમાં.

(૫) નકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

**નિર્ણયોના કારણો :**

(૧૨) ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

(૧૩) મુધ્દાનં.૧ ::–

આ કામના વાદી તરફે તેઓની દાવાઅરજીના પેરાનં.૧ માં દાવાવાળી રે. સે.સવે નં.૪૭ પૈકી ૨ ની જમીન વાદીના પિતા ગુજ.લાભશંકર ભાઈની સ્વતંત્ર કબજા ભોગવટાની અને માલીકીની હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓની આખી દાવાઅરજીમાં કોઈ જગ્યાએ આ મિલકત વડીલોપાર્જીત કે તેઓના પીતાને વારસામાં મળેલ હોવાની હકીકત જણાવેલ નથી તેમજ આ કામના પ્રતિવાદી તરફે પણ દાવાવાળી પ્લોટની જમીન વડીલોપાર્જીત હોવાની કે નહી હોવાની કોઈ તકરાર તેઓના જવાબમાં લીધેલ નથી,વધુમાં મુદો વિલમાં જણાવેલ મિલકતો અંગેનો ઘડવામાં આવેલ છે જયારે આ

કામના વાદી તરફે હાલનો દાવો રે. સે.સવે નં.૪૭ પૈકી ૨ ની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં.૧ તથા ૮ થી ૧૩ અંગેનો જ કરેલ છે જેથી વિલમાં જણાવેલ તમામ મિલકતો અંગેનો હાલનો દાવો ના હોય તેનો નિર્ણય કરવાનો રહેતો નથી તેવા સંજોગોમાં આ મુદો ઉપસ્થીત થતો જ ના હતો પરંતું આ મુદો ઘડેલ છે જેથી તેનો નિર્ણય કરવામાં આવેલ છે,આ કામના વાદી તરફે દાવાવાળી તથા વિલમાં જણાવેલ કોઈ મિલકત વડીલોપાર્જીત હોવાનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી ઉલટાનું તેઓની દાવાઅરજીમાં તથા ઉલટતપાસમાં આ જમીન તેઓના પીતાની સ્વપાર્જીત મિલકત હોવાનો સ્વીકાર કેલ છે તેવા સંજોગોમાં વાદી આ મુદાની હકીકત પુરવાર કરી શકેલ ના હોય મુદાનં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૪) મુદ્દાનં.૨ ::–

આ કામના વાદી તરફે તેઓની દાવાઅરજીમાં ગુજ.લાભશંકરને તેઓની મિલકતનો વહીવટ કરવાનો કોઈ હકક અધિકારના હોવાની કોઈ હકીકત જણાવેલ નથી તેમ છતા આ મુદો ઘડાયેલ છે,જો કે ગુજ.લાભશંકરભાઈ અવસાન પામેલ હોય આવો મુદો ઘડવાનું તથા તેઓની ગેરહાજરીમાં હાલમાં તેઓને મિલકતનો વહીવટ કરવાનો હકક કે અધિકાર નહી હોવાના મુદાનો નિર્ણય કરી શકાય નહી,આ મુદો કદાચ વીલમાં જણાવેલ મિલકતનો વહીવટ કરવાની ગુજ.લાભશંકર તૈરૈયાને કોઈ હકક અધિકાર ના હતો તેવો હોઈ શકે પરંતું આ કામના વાદી તરફે આવી તકરાર પણ તેઓની દાવાઅરજીમાં જણાવેલ નથી તેઓ દવારા તો આ મિલકતો વાદીના પીતા ગુજ.લાભશંકરની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે તેવા સંજોગોમાં આ મુદાનું અસ્તીત્વ જ શકય ના હોય તેનો નિર્ણય કરી શકાય તેમ ના હોય આ બાબતે સી.પી.સી.ઓર્ડર.૧૪ રૂલ.૫ ધ્યાને લેતા આ મુદો ચુકાદા સમયે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૫) મુદ્દાનં.૩ ::–

આ કામના વાદી તરફે તેઓની દાવાઅરજીમાં આ કામના પ્રતિવાદી દવારા ગુજ.લાભશંકરભાઈના ગેરકાયદેસર રીતે કરાવેલ વિલના આધારે કોર્ટમાંથી પ્રોબેટ મેળવ્યા સીવાય પ્લોટનું વેચાણ કરેલ હોય આ વિલના આધારે કોર્ટમાંથી પ્રોબેટ મેળવ્યા સીવાય કે વાદીની સંમતી વિના કોઈ કાર્યવાહી કરવાનો હકક કે અધિકાર ના હોવાની જાહેરાતની દાદ માગેલ છે,જે માટે પ્રથમ તો વાદીએ તેઓના પીતા ગુજ.લાભશંકરભાઈએ કરી આપેલ વિલ ગેરકાયદેસર હોવાનું પુરવાર કરવાનું રહે પરંતું આ કામના વાદી તરફે હાલના દાવામાં સદર વિલને પડકારેલ નથી કે તે વિલના ખરાપણા કે ગેરકાયદેસરતા અંગે કોઈ દાદ માગેલ નથી કે આવું વિલ રદ કરવા માટે પણ કોઈ દાદ માગેલ નથી તેઓ દવારા માત્ર આ વિલના આધારે પ્રોબેટ મેળવ્યા સીવાય કાર્યવાહી કરતા અટકાવવા માટેની જાહેરાતની દાદ માગેલ છે,

જયારે આ કામના પ્રતિવાદી દવારા તેઓએ આ વિલના આધારે પ્રોબટ મેળવેલ હોવાનો બચાવ લીધેલ છે અને તેઓનો આ બચાવ પુરવાર કરવા માટે તેઓ તરફે આંક–૭૭ થી પર.દિવાની અરજી નં.નં .૪/૨૦૦૮ ના હુકમની નકન રજુ કરેલ છે જે વંચાણે લેતા તેમાં આ કામના વાદી તથા પ્રતિવાદી ના પીતા ગુજ.લાભશંકર ભાયશંકરના રજી.વિલનં.૭૯૪ તા.૨૪/૦૭/૨૦૦૬ ના આધારે આ કામના દાવાવાળી મિલકત પ્લોટ નં.૧ તથા ૮ થી ૧૩ નું પ્રોબેટ આ કામના પ્રતિવાદી કેશવલાલ, રસીકલાલ અને મનસુખભાઈના તરફેણમાં નિયત કોર્ટ ફી રકમનો સ્પેમ્પ રજુ કરેથી પ્રોબેટ કાઢી આપવાનો હુકમ તા.૦૯/૧૨/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે જો કે આ અદાલત દવારા પ્રતિવાદીના વકીલશ્રી ને કવેરી કરેલ હતી કે આ હુકમ મુજબ નિયત કોર્ટ ફી સ્ટેમ્પ તેઓ દવારા ભરીને પ્રોબેટ પ્રમાણપત્ર તેઓના નામનું કાઢી આપવામાં આવેલ હોય તો તે રજુ કરવા જણાવામાં આવેલ હતું પરંતું તેઓ દવારા આવું પ્રોબેટ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ નથી તેમજ વાદી વકીલશ્રી દવારા પણ તેઓની દલીલમાં રજુઆત કરેલ છે કે,આવું કોર્ટ ફી સ્પેમ્પ ભર્યા વગર માત્ર હુકમને પ્રોબેટ પ્રમાણપત્ર ગણી શકાય નહી, જયારે પ્રતિવાદીના વકીલશ્રી દવારા દલીલ કરેલ છે કે,આવા પ્રોબેટ ઈસ્યું કરવાના હુકમ ને વાદીએ પડકારેલ ના હોય તેમજ રદ કરવામાં આવેલ ના હોય તે કાયદેસર છે તેના આધારે પ્રતિવાદી આ મુદાની હકીકત પુરવાર કરી શકેલ છે,આમ બંન્ને પક્ષકારોની દલીલ સાથે કાયદાકીય જોગવાઈઓ જોતા આ કામના પ્રતિવાદીની તરફેણમાં પર.દિવાની અરજી નં.નં.૪/૨૦૦૮ ના કામે થયેલ હુકમ માત્રને પ્રોબેટ પ્રમાણપત્ર માની શકાય કે નહી તે તકરારનો નિર્ણય કરવાનો રહે છે,જે માટે પ્રથમ તો આ કામના પ્રતિવાદી તરફે પર.દિવાની અરજી નં.નં.૪/૨૦૦૮ નો હુકમ રજુ કરેલ છે જે હુકમ મા જ નિયમ મુજબ થતી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી આ કામના અરજદારના નામનું પ્રોબેટ કાઢી આપવું તેવો હુકમ કરવામાં આવેલ છે તેમ છતા પ્રતિવાદી દવારા આવો કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ હોવાનો કે આવું પ્રોબેટ પ્રમાણપત્ર મેળવેલ હોવાનો પુરાવો રજુ થયેલ નથી.વધુમાં પ્રતિવાદી તરફે તેઓના વકીલશ્રી દવારા દલીલ કરેલ છે કે,ગુજરાત રાજયની હદમાં આવેલ મિલકતના સંબંધમાં વિલ અંગે પ્રોબેટ લેવાની આવશ્યકતા રહેતી નથી જે અંગે ઈન્ડીયન સકેશન એકટની કલમ–૫૭ માં જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **મીનાક્ષીબેન શશીકાંન્તભાઈ પટેલ વી.ડીસ્ટ્રીકટ કલેકટર** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,હીન્દું દવારા કરવામાં આવેલ વિલ અંગે કલકતા,મદ્રાસ અને મુંબઈના વિસ્તારમાં પ્રોબેટ મેળવવાનું ફરજીયાત છે તે સીવાયના વિસ્તારમાં પોતાનો હકક સ્થાપીત કરવા માટે લાભ મેળવનારે કોર્ટમાં કે કોઈ ઓથોરીટી સમક્ષ વિલનું પ્રોબેટ મેળવવાની જરૂરીત રહેતી નથી તેમ ઠરાવેલ છે જે દલીલ તથા ચુકાદાના સિધ્ધાંતો સાથે અદાલત સમંત છે પરંતું આ કેસમાં મુદો વિલનું પ્રોબેટ મેળવવાની જરૂરીયાત ઉપરનો નથી આ મુદો શું પ્રતિવાદીએ તેઓના જવાબમાં લીધેલ

બચાવ કે તેઓએ વિલનું પ્રોબેટ લઈ લીધેલ છે કે નહી તે અંગેનો છે જેથી આ ચુકાદો આ મુદાની હકીકત જોતા પ્રતિવાદીને મદદરૂપ થઈ શકે તેમ નથી.આમ ઉપરોકત તમામ કારણોસર આ કામના પ્રતિવાદી તરફે વિલ અંગે પ્રોબેટ મેળવેલાનો બચાવ લીધેલ છે પરંતું આ બચાવ પુરવાર કરવા માટે કોઈ પ્રોબેટ પ્રમાણપત્ર રજુ કરેલ નથી જેથી પર.દિવાની અરજી નં.નં.૪/૨૦૦૮ નો હુકમ માત્ર હુકમ બની રહે છે તેનો અમલ કરીને અદાલત દવારા પ્રતિવાદીના નામનું કોઈ પ્રોબેટ પ્રમાણપત્ર ઈસ્યું કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં આ કામના પ્રતિવાદી દવારા ગુજ.લાભશંકર તૈરૈયાએ જે વીલ કરેલ તે વીલ ઉપર પ્રોબેટ મેળવી લીધેલ હોવાની મુદાની હકીકત કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ પ્રોબેટ પ્રમાણપત્ર રજુ કરીને પુરવાર કરેલ ના હોય મુદાનં.૩ નો નિર્ણય નકારમાં આપવમાં આવે છે.

(૧૬) મુધ્દાનં.૪ ::–

આ કામના પ્રતિવાદી તરફે વાદીના દાવાને કોઝ ઓફ એકશનનો બાધ નડતો હોવાની તકરાર લીધેલ હોય હાલનો મુદો ઘડેલ છે,આ મુદાની હકીકત પુરવાર કરવા માટે કોઈ સ્પેસીફીક પુરાવો આપેલ નથી,આ કામના વાદીની દાવાઅરજીમાં દાવાના કારણમાં વાદી તરફે વાદીએ ગેરકાયદેસર દસ્તાવેજોની નકલો તા.૦૫/૦૩/૨૧ ના રોજ કઢાવતા જાણ થયેલ હોય હાલનો દાવો કરેલ હોવાનું જણાવેલ છે જે હાલના કેસની હકીકતો જોતા વ્યાજબી કારણ જણાય છે,વધુમાં પ્રતિવાદી તરફે જણાવેલ છે કે,વાદીએ વેચાણ દસ્તાવેજના ખરીદનાર સામે દાવો કરેલ નથી તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી,પ્રતિવાદીનં.૧ તથા ૨ ના તમામ વારસદારોને પક્ષકાર તરીકે જોડેલ નથી તેમજ વિલને ચેલેન્જ કરેલ નથી,રેવન્યું કચેરીમાં તેઓની વિરૂધ્ધનો હુકમ થયેલ હોય તેની સામે અપીલ કરેલ નથી,પુરતી કોર્ટ ફી ભરેલ નથી અને અગાઉ પ્રોબટ અરજીમાં હુકમ થઈ ગયેલ હોવા છતા હાલનો દાવો કરવાનું કારણ ઉપસ્થીત થયેલ ના હોવા છતા ખોટો દાવો કરેલ છે,આ રજુઆત સાથે દાવાની હકીકતો જોતા વાદી દવારા તેઓની દાવાઅરજીમાં દાવો કરવાનું કારણ જણાવેલ છે તે વ્યાજબી જણાયેલ છે તે સીવાય કોને પક્ષકાર તરીકે જોડવા કે નહી,કઈ દાદ માગવી,કોની સામે માંગવી વિગેરે બાબતો વાદીની મુનસફી ઉપર આધાર રાખે છે જેથી આવા પક્ષકારોને જોડે ના હોય કે દાદ માગેલ ના હોય તેથી દાવાનું કારણ ઉપસ્થીત ના થયેલાની પ્રતિવાદી તરફેની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી અને વાદીના દાવાને કોઝ ઓફ એકશનનો બાધ નડતો હોવાનું પુરવાર થયેલ ના હોય મુદાનં.૪ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૭) મુધ્દાનં.૫ ::–

આ કામના વાદી તરફે તેઓની દાવા અરજી મા દાવા વાળી જમીનના પ્લોટ નં.૧ તથા ૮ થી ૧૩ ની જમીન આ કામના પ્રતિવાદીઓ કે તેઓના મુખત્યાર એજન્ટ કે તેના કુટુંબના સભ્યો કોઈને વેચાણ

ગીરો બક્ષીશ કે અન્ય રીતે ટ્રાન્સફર કે હસ્તાંતર કરવાનો કે જમીનનો કબજો કોઈને સોપવા ભાડે આપવા કાયદેસર પ્રોબેટ મેળવ્યા સીવાય કે વાદીની સમંતી વીના કોઈ કાર્યવાહી કરવા તેઓને હકક કે અધીકાર નથી તેવુ વિજ્ઞાપન કરી આપવા તેમજ આ બાબતે કાયમી મનાઈ હુકમ વાદીની તરફેણમા ફરમાવવાની દાદ માંગેલ છે,જયારે આ કામના પ્રતિવાદી તરફે આપેલ જવાબ તથા લીધેલ તકરાર જોતા આ દાવાવાળી જમીનમાં પાડેલ પ્લોટ પૈકીના પ્લોટ વેચાણ કરેલ કરવામાં આવેલ છે અને વાદી તરફે જ આ વેચાણ દસ્તાવેજોની નકલો રજુ કરેલ છે તેમ છતા વાદી તરફે વેચાણ લેનારને આ કામે પક્ષકાર તરીકે જોડેલ નથી આ વેચાણ લેનાર આ દાવામાં જરૂરી પક્ષકાર છે કારણ કે,જો વાદીની માંગ્યા મુજબની દાદ મંજુર કરવામાં આવે તો તેઓ હાલના આ પ્લોટ વેચાણથી ધારણ કરતા હોય તેઓને આ હુકમની સીધી અસર થવાની છે જેથી વેચાણ લેનારની દાવાના કામે પક્ષકાર તરીકે હાજરી વગર તેઓની ગેરહાજરીમાં તેઓના હકક અને અધિકારની વિરૂધ્ધનો હુકમ થઈ શકે નહી,તેવી જ રીતે આ કામના પ્રતિવાદીનં.૧ તથા ૨ ના બીજા પણ વારસદારો હોવા છતા વાદી તરફે તેઓને પક્ષકાર બનાવેલ નથી અને આવા પ્રતિવાદીનં.૧ તથા ૨ ના નહી જોડેલ વારસદારોનું પણ હીત દાવાવાળી મિલકતમાં વિલના આધારે સમાચેલ હોય તેઓ પણ દાવાના કામે જરૂરી પક્ષકાર બને છે,વધુમાં આ કામના વાદી તરફે વિલ ગેરકાયદેસર રીતે કરાવી લીધેલ હોવાનું જણાવેલ છે તેમ છતા તેઓને જયારે આવી વિલની જાણ થયેલ ત્યારે તેઓ દવારા આ વીલને સીવીલ કોર્ટમાં પડકારેલ નથી,વિલના આધારે જે વેચાણ દસ્તાવેજો થયેલ છે તેને પડકારેલ નથી તેમજ પર.દિવાની અરજી નં .નં.૪/૨૦૦૮ ના હુકમને પણ પડકારેલ નથી,તેમજ આવા વિલને આધારે સીટી સર્વે કચેરી દવારા તેઓના નામ કમી કરવાના હુકમને પણ ચેલેન્જ કરેલ નથી તેવા સંજોગોમાં જયા સુધી આવું વિલ,પર.દિવાની અરજી નં.નં.૪/૨૦૦૮ હુકમ,વેચાણ દસ્તાવેજો અમલમાં હોય ત્યાર સુધી આવા વિલના આધારે આ કામના પ્રતિવાદી દવારા કરવામાં આવેલ કાર્યવાહી ગેરકાયદેસર હોવાનું ઠરાવી શકાય નહી.વધુમાં આ કામના વાદી દવારા દાવાવાળી મિલકતમાં થી વિભાજન કે વહેચણી માટેનો દાવો કરેલ નથી તેવા સંજોગોમાં તેઓના પીતા ગુજ.લાભશંકર દવારા કરવામાં આવેલ વિલના આધારે પ્રતિવાદીને અધિકાર રહેલ હોય તેના આધારે કરવામાં આવેલ કાર્યવાહી ગેરકાયદેર કે તેઓને આવા વિલને આધારે કાર્યવાહી કરતા અટકાવા માટે વાદી હકદાર થઈ શકે નહી.આ બાબતે વાદી તરફે રજુ કરેલ **મીનાક્ષીબેન શશીકાંન્તભાઈ પટેલ વી.ડીસ્ટ્રીકટ કલેકટર** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,હીન્દું દવારા કરવામાં આવેલ વિલ અંગે કલકતા,મદ્રાસ અને મુંબઈ વિલ અંગેનં પ્રોબેટ મેળવવાનું ફરજીયાત છે તે સીવાયના વિસ્તારમાં પોતાનો હકક સ્થાપીત કરવા માટે લાભ મેળવનારે કોર્ટમાં કે કોઈ ઓથોરીટી સમક્ષ વિલનું પ્રોબેટ મેળવવાની જરૂરીત રહેતી નથી તેમ ઠરાવેલ

છે હાલના કેસમાં વિલ કરનાર હિન્દું છુે જે બિનતકરારી છે તેમજ મિલકત પણ ગુજરાત રાજયમાં આવેલ છે તેવા સંજોગોમાં આ ચુકાદા મુજબ હાલના કેસમાં રજુ થયેલ તકરાર વિલના સંબધમાં પ્રોબેટ મેળવ્યા સીવાય પણ હકક સ્થાપીત કરી શકાય તેમ હોય પ્રોબેટની જરૂરીયાત નહી હોવાની પ્રતિવાદી તરફેની દલીલ વ્યાજબી જણાય છે.વધુમાં આ કામના પ્રતિવાદી દવારા તેઓ દવારા રજુ કરવામાં આવેલ વિલને પુરવાર કરવા માટે તેમાં સહી તરીકે સહી કરનાર સાહેને તપાસેલ છે અને દલીલ કરેલ છે કે,તેઓ દવારા વિલ પુરવાર કરેલ છે પરંતું હાલનો દાવો વાદીએ કરેલ હોય જેમાં તેઓ દવારા વિલની કાયદેસરના ને પડકારેલ ના હોય તેમજ પ્રતિવાદીએ દાવામાં વિલને કાયદેસર ઠરાવા માટે કોઈ કાઉન્ટર કલેમ કરેલ ના હોય હાલના દાવાના કામે આ વિલ સાચું છે કે ખોટું તે નકકી કરવાનું રહેતું ના હોય આ લગત પુરાવાની ચર્ચા કરેલ નથી,આમ ઉપરોકત તમામ ચર્ચા મુજબ આ કામના વાદી દવારા માગેલ દાદ મંજુર કરવાપાત્ર થતી ના હોય મુદાનં.૫ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**નિષ્કર્ષ:**

(૧૮) મુધ્દાનં.૬ ::–

ઉપરોકત મુદાનં.૧ થી ૫ ના કારણો તથા નિર્ણયો ધ્યાને લેતા મુદાનં.૬ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના વાદીનો દાવો આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વાદી તથા પ્રતિવાદીએ દાવાનો ખર્ચ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:ગઢડા
તા.૨૫/૦૫/૨૦૨૬

(હીતેશકુમાર અમરભાઈ મકા)
પ્રિન્સીપાલ સીવીલ જજ,ગઢડા
જજ કોડ નં.જી.જે.૦૧૪૫૯